આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

જાતજાતના કુવિચાર એ આપણા શાંતિ, સુખ અને વિજયના મહાન શત્રુઓ છે
- ઇરવિન વાલેસ

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૨૯ | ૧૯ જુલાઇ, ૨૦૧૩, શુક્રવાર; અષાઢ સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# મનપાના ૩૩ કરોડના વિકાસ કામો મંજૂર

## સત્તા અને સ્ટાફ વિના કામો હાથ ધરવાની નીતિ પ્રજાની આંખે ભ્રામક વિકાસના ચશ્મા પહેરાવાય છે : પ્રવિણ પટેલ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર મહાનગરપાલિકાની આજે મળેલ સામાન્ય સભાએ રચના પછી પ્રથમવાર રૂ. ૩૩ કરોડના વિકાસકામોને બહાલી સર્વાનુમતે આપી હતી.

**વિકાસ સહન નહિ કરતી કોંગ્રેસ પાણીમાંથી પોરા કાઢે છે : આશિષ દવે**

મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાના અધ્યક્ષપદે આજે મળેલી બેઠકમાં કોંગ્રેસના અગ્રણી અને સ્ટેન્ડીંગ કમિટીના પૂર્વ ચેરમેન શ્રી પ્રવિણ પટેલે વિકાસ કામો શરૂ કરવામાં આવે છે તે સારી અને આવકાર્ય વાત છે, પરંતુ આ માટેની સત્તા અને જરૂરી સ્ટાફ કોર્પોરેશન પાસે છે નહિ. આપણે આ મુદ્દે કોર્ટમાં ગયા હતા હાલ શું સ્થિતિ છે તેની સ્પષ્ટતા કરવામાં આવે તે જરૂરી છે.

શ્રી પ્રવિણ પટેલની આ રજુઆતનો વિરોધ કરતાં સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી આશિષ દવેએ જણાવ્યું હતું કે વિકાસમાં વિઘ્નો ઉભા કરવાની કોંગ્રેસની નીતિ છે. વિકાસની વાત સહન નહિ કરી શકતા કોંગ્રેસ પાણીમાંથી પોરા કાઢવાનો પ્રયાસ કરે છે પણ જનતા હવે આ વાતો સાંભળવા તૈયાર નથી જનતાને વિકાસ જોઈએ છીએ.

પૂર્વ ચેરમેને એવો આક્ષેપ કર્યો હતો કે વિકાસના ભ્રામક ચશ્મા પ્રજાને પહેરાવવાનો આ પ્રયાસ છે એટલે અમે વિરોધ કરીએ છીએ બાકી સાચા

**ગ્રામ્ય વિસ્તારના રહીશોને અન્યાય કરવામાં આવી રહ્યો છે : શૈલેન્દ્રસિંહ**

વિકાસને અમે સર્વાનુમતે બહાલી આપીશુ જ.

શ્રી પ્રવિણ પટેલે સીટીપીનું તંત્ર, ડેબ્રીઝ ચાર્જ વસુલ કરવાની સત્તા મેળવવાના પ્રયાસો કેમ નથી કરાતા. તેમણે કામો આડેધડ નિયત કરાયાનો પણ આક્ષેપ કર્યો હતો.

કોંગ્રેસના જ શ્રી શૈલેન્દ્રસિંહ બિહોલાએ શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારોને વિકાસના પ્રવાહમાં નહિ જોડી અન્યાય કરાયાનો આક્ષેપ કરતાં ભાજપના જ આશિષ દવે, શ્રી મનુભાઈ પટેલ, શંકરભાઈ ચૌધરી અને અન્ય સભ્યોએ વિરોધ કરી જણાવ્યું હતું કે સભ્ય સાચી હકીકત જાણતા નથી. પાલજના દવાખાનાની સુવિધાના સુદૃઢીકરણની વાત છે ત્યારે શૈલેન્દ્રસિંહે વળતો પ્રહાર કરી

● અનુસંધાન પાના - ૭ પર



(તસવીર : દિપક જાની)

## સફાઈ-સત્તાના મુદ્દે કોંગી સભ્યોનું હલ્લાબોલ

**કોંગી સભ્ય રાયકાને સભાગૃહમાંથી દૂર કરવા મેયરે આદેશ કરતાં હોબાળો મચ્યો સાર્જન્ટ ન હોવાથી મેયરે તક મળતાં જ પુનઃ બાજી સંભાળી મામલો થાળે પાડ્યો**

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર મહાનગરપાલિકાની આજે મળેલ સામાન્ય સભામાં સફાઈના મુદ્દે વિપક્ષ કોંગ્રેસે શાસક પક્ષને બરાબર ભીંસમાં લીધો હતો તેમજ સફાઈની કામગીરીમાં નિષ્ફળ નિવડેલ તંત્ર હવે શહેરને પૂર્વ અને પશ્ચિમ એમ ભાગોમાં વિભાજીત કરી પોતાનો રાજકીય રોટલો શેકવા માગે છે તેવા રાજકીય આક્ષેપો પણ કર્યા હતાં.

સફાઈ સહિત ગ્રાન્ટમાંથી સૂચવાયેલા કામો પર ચર્ચા કરવા કોંગીના જિતુ રાયકાએ બોલવા દેવાનો આગ્રહ કરતાં એક તબક્કે મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણાએ કડક થઈને જણાવ્યું હતું કે સાર્જન્ટ શ્રી રાયકાને બહાર હાંકી કાઢો ત્યારે વિપક્ષના તમામ સભ્યો એક સાથે ઉભા થઈ ગયા હતા. અમારો અવાજ દબાવવા આવી સરમુખત્યારશાહી નહિ સાંખી લેવાય એમ કહી સભાત્યાગની ચીમકી કોંગી નેતા શ્રી વિઝુંડાએ ઉચ્ચારતાં મેયરે તરત જ બાજી સંભાળી લઈ અને શ્રી રાયકાને બોલવાની તક આપી હતી.

મેયરે તક આપતાં પહેલાં કોંગ્રેસના સભ્યોને સ્પષ્ટ સુણાવી દીધું હતું કે ગ્રાન્ટમાં જે કામો દર્શાવાયા છે તેના પર જ બોલવાનું રહેશે. તેમણે

● અનુસંધાન પાના - ૭ પર

# લોકાયુક્ત પદે આર. એ. મહેતાને સ્વિકારવા પડશે

## સુપ્રિમ કોર્ટે ક્યુરેટીવ પિટીશન ફગાવી દેતાં મોદી સરકારને ઝટકો : નિમણૂકને રોકવાના કાયદાકીય રસ્તાઓ બંધ થઈ ગયા

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાતમાં લોકાયુક્તની નિમણૂક અંગે રાજયપાલના નિર્ણયને પડકારતી રાજય સરકારની ક્યુરેટીવ પિટીશનને ભારતની સુ-ીમ કોર્ટે ફગાવી દેતાં હવે જસ્ટીસ આર. એ. મહેતા માટેનો રસ્તો ક્લિયર થયો છે. હાઈકોર્ટ પછી સુ-ીમ કોર્ટમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની ભાજપની સરકારને બેવડી પછડાટ મળી છે.

ગુજરાતમાં લોકાયુક્ત તરીકે જસ્ટીસ આર.એ.મહેતાની નિમણૂકને બહાલી આપતા સુ-ીમ કોર્ટના ચૂકાદાની પુન સમીક્ષાની માગણી કરતી રિવ્યુ પિટીશન ગુજરાત સરકાર દ્વારા સુ-ીમ કોર્ટમાં દાખલ કરવામાં આવી હતી અને તેની આજે સુનાવણી હતી. આ કેસમાં પક્ષકારોની દલીલ અને સુનાવણીના અંતે સુ-ીમે સરકારની અરજી ફગાવી રાજયપાલની નિર્ણય ઉપર મહોર મારી છે.

લોકાયુક્તના -તિષ્ઠાભર્યા કેસમાં બીજી જાન્યુઆરી-૨૦૧૩ના રોજ સુ-ીમે એક મહત્વના ચૂકાદા મારફ્તે જસ્ટીસ આર.એ.મહેતાની નિમણૂક કરવાના રાજયપાલના નિર્ણયને કાયમ રાખ્યો હતો અને સાથે લોકાયુકતની નિમણૂક -ક્રિયામાં ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસ દ્વારા આ નામનો જે અભિ-ાય મોકલાયો હતો તેને ફાઈનલ અને અંતિમ ઠરાવ્યો હતો. સુ-ીમ કોર્ટે જણાવ્યું હતું કે લોકાયુક્તની નિમણૂક -ક્રિયામાં ચીફ જસ્ટીસનો અભિ-ાય ફાઈનલ ગણાય. આ ચૂકાદના કારણે ગુજરાત સરકારને બહુ મોટો ફટકો પડ્યો હતો.



ઉલ્લેખનીય છે કે ૨૫મી ઓગષ્ટ ૨૦૧૧નાં રોજ ગુજરાતના રાજયપાલ ડો. કમલાએ જસ્ટીસ આર.એ.મહેતાની લોકાયુક્ત તરીકે નિમણૂક કરી દીધી હતી જેની સામે રાજય સરકારે ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરી હતી જેમાં જસ્ટીસ અકીલ કુરેશી અને જસ્ટીસ સોનિયા ગોકાણીના અભિ-ાય અલગ અલગ આવ્યા હતા. જસ્ટીસ કુરેશીએ સરકારની અરજી ફગાવી દીધી હતી જયારે ગોકાણીએ રાજયપાલના નિર્ણયને ગેરકાયદે ગણાવ્યો હતો. આ બન્ને ચૂકાદા ડિફર થતાં મેટર હાઈકોર્ટના ચીફ જસ્ટીસને મોકલવામાં આવી હતી. ચીફ જસ્ટીસે આ મેટર ત્રીજા જસ્ટીસ વી. એમ. સહાયને મોકલી હતી જેમાં જસ્ટીસ સહાયે રાજયપાલના નિર્ણયને બહાલી આપી હતી જેની સામે રાજય સરકારે સુ-ીમમાં રિવ્યુ પિટીશન કરી હતી.

● અનુસંધાન પાના - ૭ પર

# સપ્ટેમ્બરમાં અમિતાભ બચ્ચન ગુજરાત આવશે

## ફિલ્મસ્ટારે અત્યાર સુધીમાં ૧૭ સ્થળોએ શૂટીંગ કર્યું છે, હવે શીખ, પારસી અને જૈન સાઈટનું શૂટીંગ કરશે

ગાંધીનગર, તા. ૧૮

અને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની છબીની રાષ્ટ્રીયકક્ષાએ બળ આપ્યું છે તે ફિલ્મસ્ટાર અમિતાભ બચ્ચન તેમની એડ ફિલ્મનું શૂટીંગ કરવા માટે ફરી એકવાર ગુજરાતમાં આવી રહ્યાં છે. હવે તેઓ પારસી, શીખ અને જૈન સાઈટને તેમના શૂટીંગમાં આવરી લેશે.



-વાસન વિભાગના અગ્રસચિવ વિપુલ મિત્રાએ કહ્યું હતું કે અમિતાભ બચ્ચન તેમનું શૂટીંગ સપ્ટેમ્બર મહિનામાં શરૂ કરશે. શૂટીંગ માટે ૨૦ દિવસ ફાળવવામાં આવ્યા છે અને આ શૂટીંગ ટુરિઝમ એડ કેમ્પેઈનનું છેલ્લું શૂટીંગ છે. પહેલું શૂટીંગ મે-૨૦૧૦માં શરૂ કરવામાં આવ્યું હતું. ત્રણ વર્ષમાં અમિતાભ બચ્ચને રાજયના ૧૭ સ્થળોએ એડ ફિલ્મ શૂટ કરી છે.

ખુશ્બુ ગુજરાત કી... એડ ફિલ્મ પૂર્વે ગુજરાત સરકારે અમિતાભ બચ્ચનને ગુજરાતના -વાસન ક્ષેત્રના બ્રાન્ડ એમ્બેસેડર બનાવ્યા હતા. અમિતાભ બચ્ચન ગુજરાત ટુરિઝમ ઈન્ડસ્ટ્રીઝ માટે ટર્નિંગ પોઈન્ટ સાબિત થયા છે. એડ ફિલ્મની કામગીરી માટે પિયુષ પાંડે અને શુજીત સિરકરને રોકવામાં આવ્યા છે.

આશ્ચર્યની બાબત એ છે કે આટલા મોટા ફિલ્મસ્ટાર હોવા છતાં

● અનુસંધાન પાના - ૭ પર







